Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-17, Issue-2, September-2023
www.researchguru.net

# મહારાષ્ટ્રના મરાઠી સંતો : એક ઐતિહાસિક અભ્યાસ (તેરમી થી વીસમી સદી)

ડો. વિનોદકુમાર મુંજપરા
(અધ્યાપક સહાયક) ઇતિહાસ વિભાગ નલિની - અરવિંદ એન્ડ ટી. વી. પટેલ આર્ટસ કોલેજ
વલ્લભ વિદ્યાનગર

- પૂર્વભૂમિકા

કોઈ પણ દેશની પ્રજામાં વૈચારિક ક્રાંતિ લાવનાર તેના સમર્થ વિચારકો અને લેખકો હોય છે. ઉત્તર ભારતની જેમ મહારાષ્ટ્રની ભૂમિ પર થયેલા સંતોએ પણ તત્કાલીન સામાજીક અને વૈચારિક પરિવર્તન લાવવાનું કાર્ય કર્યું હતું. ઈ.સ.ની તેરમી સદીથી લઈને વીસમી સદી દરમિયાન થયેલા સંતોએ તેમના ભજનો, પ્રવચનો, ગીતો અને લખાણો દ્વારા મરાઠી પ્રજામાં રાષ્ટ્રભાવના જગાડવામાં ખૂબ જ મોટો ફાળો આપેલ છે. સંતોના ઉપદેશ અને શિક્ષણ એ મુખ્યત્વે ઈશ્વરની ઉપાસના સાથે જોડાયેલા હતા. આમ છતાં જાણે અજાણે ધર્મના માધ્યમ દ્વારા મરાઠી પ્રજામાં 'એકતા' અને 'સમાનતા' ને મહત્વ આપ્યું હતું. આ સંતોએ જ્ઞાતિ જાતિ, ઉંચ-નીચ, ધર્મ-સંપ્રદાય વગેરેના ભેદભાવ વગર સૌને ઈશ્વર સમક્ષ સમાન ભૂમિકાએ લાવીને મૂકવાનું ભગીરથ કાર્ય કર્યું હતું. મોટાભાગના વારકરી પંથના અનુયાયીઓ ગૃહસ્થી હોવા છતાંયે સાદું અને પવિત્ર જીવન જીવતા હતા. તેઓ નાત જાતના ભેદભાવમાં માનતા નહીં. મહારાષ્ટ્રના મરાઠી સંતોમાં સ્ત્રી અને પુરુષો સંતો થઈ ગયા હતા તેમણે તેમના સમયમાં જે કાર્યો કર્યા હતા તેને લોકો આજે પણ યાદ કરે છે.

➢ **મહારાષ્ટ્રના મરાઠી સંતો**

- **મરાઠી સંત પુરુષો**

**(૧) ભક્ત સાવતામાલી ઇ.સ. ૧૨૫૦**

મહારાષ્ટ્રના અરણભેંડી નામના ગામમાં સાવતામાલીનો જન્મ ઈ.સ. ૧૨૫૦ માં થયો હતો. તત્કાલીન સમયમાં મહારાષ્ટ્રમાં વારકરી સંપ્રદાય દ્વારા ધર્મ જાગરણ અને સામાજિક સમરસતાનો પ્રયાસ જ્યારે ચાલતો હતો ત્યારે તે સમયે જાતિગત ભેદભાવથી ઉપર ઊઠીને વિચાર કરવાવાળા આ સંપ્રદાયના લોકોમાં સાવતામાલી પણ એક હતા. બગીચામાં શાકભાજી, પુષ્પો વગેરે ઉગાડવાનું તેમનું પૈતૃક કાર્ય ભક્તિ સાથે કરતા હતા. 'હાથમાં કામ અને મુખમાં રામ'ની કહેવત તેમણે સાર્થક કરી હતી. વારકરી સંપ્રદાયના પ્રમુખ સંત જ્ઞાનેશ્વર અને નામદેવની સાથે તીર્થયાત્રામાં જવા લાગ્યા અને સાથો સાથ કીર્તન પણ કરતા હતા. આજે પણ મહારાષ્ટ્રમાં ખેડૂત, માળી તેમના કાર્યકર્તા સમયે પ્રભુ સ્મરણ કરતા કરતા ભક્ત સાવતામાલીના અભંગો બોલે છે.

**(૨) ગોરા કુંભાર ઈ.સ. ૧૨૬૭**

મહારાષ્ટ્રના એક કુંભાર પરિવારમાં જન્મેલા ગોરા ઉમરમાં સંત નામદેવ થી ત્રણ વર્ષ અને સંત જ્ઞાનેશ્વરથી આઠ વર્ષ મોટા હતા. વાસણ બનાવતા સમયે, માટી લગાવતા સમય, ભજન કીર્તન કરતા રહેતા હતા. તાલી વગાડતા વગાડતા વિઠ્ઠલ વિઠ્ઠલ કહીને માટી ખુદતા હતા. ભક્ત ગોરાએ સ્વયં નામદેવને એ આભાસ કરાવ્યો હતો કે દરેકમાં ઈશ્વરનો વાસ છે તે અભંગ લખતા હતા અને ગાતા હતા. ગાતા

ગાતા તેમાં તલ્લીન થઈ જતા હતા. સંત જ્ઞાનેશ્વરની મંડળીમાં ગોરા કુંભાર સૌથી મોટી ઉંમરના હતા.

**(૩) સંત ત્રિલોચન ઇ.સ. ૧૨૬૭ – ૧૩૩૫**

સંત ત્રિલોચન નામદેવના સમકાલીન હતા. તેમનો જન્મ વૈશ્ય પરિવારમાં થયો હતો. તેમનો વિશ્વાસ હતો કે રામની કૃપા વગર ભવસાગર પાર સંભવ નથી. તેમણે બાહ્યચાર અને જાતિગત ભેદભાવનો વિરોધ કર્યો હતો. તે સંત જ્ઞાનદેવના શિષ્ય હતા. તેમના ચાર પદ સી 'શ્રી ગુરુ ગ્રંથ સાહેબ' માં સંગ્રહિત છે.

**(૪) નામદેવ ઈ.સ. ૧૨૭૦ – ૧૩૫૦**

સંત નામદેવનો જન્મ મહારાષ્ટ્રમાં નરસિંહ બ્રાહ્મણી નામના એક ગામમાં દરજી (શિપી) પરિવારમાં થયો હતો. તેમના પિતા દયાશેઠ અને માતા ગોણાઈ પણ વિઠ્ઠલના અનન્ય ભક્ત હતા અને તે પંઢરપૂરની તીર્થયાત્રામાં નિયમિતરૂપે જતા હતા. નામદેવ સહપરિવાર પંઢરપૂરમાં આવીને રહેવા લાગ્યા હતા. નામદેવ વિસોબા ખેચરને તેમના ગુરુ માની લીધા હતા. વિસોબા ખેચર તેમના સંત જ્ઞાનેશ્વર પાસે મોકલી દીધા હતા. સંત જ્ઞાનેશ્વર બ્રાહ્મણ હતા પરંતુ સંત નામદેવ શુદ્ર હોવા છતાં તેમની સાથે રહેવા લાગ્યા. મહારાષ્ટ્રના સમાજ જીવન પર તેની અસર થઈ હતી. નામદેવ પ્રેમ અને ભક્તિનો ઉપદેશ આપ્યો હતો. તેમણે લોકોને જાતિ પ્રથા અને રીત-રિવાજોના બંધનોથી મુક્ત કર્યા. તેઓ મૂર્તિપૂજા અને ધાર્મિક અસહિષ્ણુતાના વિરોધી હતા. તેમનો વિશ્વાસ હતો કે મુક્તિ ભક્તિ અથવા ઈશ્વર પ્રેમથી મળી શકે છે. તેઓ કહેતા કે પ્રતિજ્ઞા, ઉપવાસ અને વ્રતની કોઈ આવશ્યકતા નથી. તીર્થયાત્રા પણ જરૂરી નથી, માત્ર હરિના ચરણોમાં ધ્યાન લાગવું જરૂરી છે. તેમણે પંજાબ સહિત ઉત્તરના ઘણા પ્રદેશોમાં તેમનો ઉપદેશ આપ્યા હતા. આથી તેઓ ઉત્તર તેમજ દક્ષિણ ભારત વચ્ચેના ભક્તિમાર્ગની કડીરૂપ ગણાય છે. તેમના કેટલાક અભાંગોનો ગુરુ ગ્રંથ સાહેબમાં સમાવેશ કરવામાં આવેલ છે. તેમના શિષ્યોમાં બ્રાહ્મણ, માહર, સ્ત્રીઓ અને મુસલમાનો પણ હતા. નામદેવ લોક લાગણી અને ભાવનાના પ્રણેતા છે.

**(૫) જ્ઞાનેશ્વર ઈ.સ. ૧૨૭૫ – ૧૨૯૬**

જ્ઞાનેશ્વર મહારાષ્ટ્રમાં ભક્તિ આંદોલનના અગ્રણી હતા. તેમણે 15 વર્ષની વયે ભગવત ગીતા પર 'જ્ઞાનેશ્વરી' (ભાવાર્થ દીપિકા) નામે વિખ્યાત વિવેચન ગ્રંથ મરાઠીમાં લખ્યો. જ્ઞાનેશ્વરી તરીકે ખૂબ લોકપ્રિય થયેલ ભગવદગીતા પર જ્ઞાનેશ્વર ટીકા લખી મહારાષ્ટ્રમાં ભક્તિ આંદોલનની વિચારધારાનો તેમજ મરાઠી સાહિત્યનો પાયો નાખ્યો હોવાનું કહી શકાય. જ્ઞાનેશ્વરે શરૂ કરેલ ભક્તિ આંદોલનનું મુખ્ય કેન્દ્ર પંઢરપૂરમાં વિઠ્ઠોબાનું મંદિર હતું. જ્ઞાનેશ્વરી ક્રિયાકાંડો, વિધિઓ, જ્ઞાતિ, ભેદભાવ વગેરેનો ત્યાગ કરવાનો લોકોને ઉપદેશ આપ્યો હતો. તેઓ જ્ઞાતિ ભેદભાવના સખત વિરોધી હતા. તેમણે તેમની ગુરુ પરંપરાનો ઉલ્લેખ કરતા તેનો સીધો સંબંધ આદિનાથ સાથે જોડ્યો. સંત જ્ઞાનેશ્વરની ગુરુ પરંપરા આ પ્રમાણે છે. આદિનાથ, મત્સ્યેન્દ્રનાથ, ગોરખનાથ, ગહિનીનાથ, નિવૃતિનાથ, સંત જ્ઞાનેશ્વર તેમના મોટાભાઈ નિવૃત્તિનાથ નાની બેન મુક્તાબાઇ અને નાનાભાઈ સોપાનદેવ નાથપંથમાં જોડાયા હતા. સંતજ્ઞાનેશ્વરે તેમના મોટાભાઈના આગ્રહથી

'અમૃતાનુભાવ' નામના ગ્રંથની રચના કરી. જેથી કહેવામાં આવ્યું છે કે જગત મિથ્યા નથી, એ તો આનંદમય છે. ઇ.સ. ૧૨૯૬ માં ૨૧ વર્ષની નાની ઉંમરમાં તેમણે સમાધિ લઈ લીધી હતી. સંત જ્ઞાનેશ્વર વિઠ્ઠોબાની સાદી 'પૂજા' અર્ચનાવિધિ કરનાર વારકરી પંથને ઉત્તેજન આપીને મહારાષ્ટ્રમાં ભાગવત ધર્મનો પાયો નાખ્યો હતો.

**(૬) સંત ચોખામેલા વિ.સં. ૧૩ મી ૧૪ મી સદી**

મહારાષ્ટ્રના સંત ચોખામેલા શુદ્ર (મહાર) હતા. તેઓ મંગલવેઢા નામના સ્થળે રહેતા હતા. રામાનુજાચાર્ય નામના શ્રેષ્ઠ બ્રાહ્મણ આચાર્ય તેમને દીક્ષા આપી હતી. સંત ચોખામેલાના વિવાહ મહાર કન્યા સોયરાબાઈ સાથે થયા હતા. સંત ચોખામેલાયે તેમની જાતિના લોકોને સુધારવાનું શરૂ કર્યું. ગરીબ લોકો પણ દરરોજ સ્નાન કરે, સ્વચ્છ રહે, ઈશ્વરની આરાધના કરે તથા શુદ્ધ સાત્વિક જીવન જીવે તે માટે તેઓ પ્રયાસ કરતા હતા. નામદેવને તે ગુરુ માનતા હતા. તેમણે અનેક ભજન અને અભંગોની રચના કરી હતી. ચોખામેલા પાંડુરંગની ભક્તિમાં ભજન ગાતા રહેતા હતા. ઈ.સ. ૧૩૩૯ માં દિવાલ પડવાના કારણે તેમાં દબાવવાથી તેમનું મૃત્યુ થયું હતું. તેમના અસ્થિઓને લઈને સંત નામદેવ પંઢરપુર આવ્યા અને વિઠ્ઠલ મંદિરમાં મુખ્ય દ્વાર પાસે તેમને સમાધિ આપી. આજે પણ લોકો માથું ટેકવા સમાધિ પર જાય છે.

**(૭) જર્નાદન સ્વામી ઇ.સ. ૧૫૦૪-૧૫૭૫**

સંત એકનાથ ગુરુએ મહારાષ્ટ્રના અભંગ (બે લીટીની કવિતા) સાહિત્યને નવું સ્વરૂપ આપ્યું. તેમાં આધ્યાત્મિક તથા દુન્યવી બાબતોનો યોગ્ય સમન્વય થયો છે. સંત એકનાથે ગીતા, ભાગવત, મહાકાવ્ય તથા સંત જ્ઞાનેશ્વરની જ્ઞાનેશ્વરી ગીતાના ઊંડા અભ્યાસને આધારે પોતાની કૃતિઓ લખી તેના એકનાથી ભાગવતમાં ૧૮,૮૦૦ લોકો તથા ભાવાર્થ રામયણમાં ૪૦,૦૦૦ શ્લોકો છે. તેઓએ રચેલ અભંગો પણ ખૂબ જ પ્રખ્યાત છે. તેમણે જ્ઞાનેશ્વરી ગીતાની તૈયાર કરેલી આવૃત્તિ મરાઠી સાહિત્યની ઉત્કૃષ્ટ રચના ગણાય છે. તેની રચના રુકમણી સ્વયંવરને શિવ અને જીવના મિલન તરીકે તથા રામ અને રાવણના યુદ્ધને આત્મા અને અભિમાન વચ્ચેના યુદ્ધ તરીકે દર્શાવેલ છે. સંત એકનાથના કાવ્યમાં આધ્યાત્મિક ભાવનાની સાથે સામાજિક સેવાની ભાવના પણ વ્યક્ત થયેલ છે.

**(૮) સંત એકનાથ ઇ.સ. ૧૫૩૩ – ૧૫૯૯**

એકનાથ બ્રાહ્મણ હતા. તેમનો જન્મ ખૂબ જ વિખ્યાત સંતોના વંશમાં થયો હતો. તેમણે જ્ઞાનેશ્વરીનું નવું સંસ્કરણ કર્યું હતું. તેમણે ભક્ત પુરાણના ૧૧ માં ભાગ પર ટીકા લખી હતી. તેમ છતાં તેઓ ગૃહસ્થી અને તેમનું જીવન ભક્તિમય હતું. તેઓ સાદું જીવન જીવતા હતા. તેમનો મોટાભાગનો સમય લેખન કાર્યમાં વ્યતિત કરતા હતા. તેઓ દરરોજ કીર્તન કરતા હતા. તેઓ મોક્ષ મેળવવામાં આકરા તપ કરવામાં માનતા ન હતા. તેમનું માનવું હતું કે શુદ્ધ ભક્તિથી મોક્ષ મળી શકે છે તે માટે સાધુ થવાની જરૂર નથી. શુદ્ધ ભક્તિભાવ દ્વારા મોક્ષ મેળવી શકાય છે. એકનાથે ભગવદ્ ગીતા પર વિવેચન ગ્રંથ લખ્યો હતો. તેઓ દુનિયાની અને આધ્યાત્મિક

જીવનના સમન્વય સાધક હતા તેમને આધાર નૈતિકતા પર છે.

**(૯) સંત તુકારામ ઈ.સ. ૧૫૯૮ - ૧૬૫૦**

વિઠ્ઠોબાના પરમ ઉપાસક સંત તુકારામ મહારાષ્ટ્રમાં સૌથી પ્રસિદ્ધ ભક્ત સંત તરીકે જાણીતા છે. તે વારકરી શાખાના અગ્રણી હતા. તે છત્રપતિ શિવાજીના સમકાલીન હતા. અને શિવાજી તેમને આધ્યાત્મિક ગુરુ માનતા હતા. મરાઠી સાહિત્યને પોતાના અભંગો તેમજ અન્ય કૃતિઓ દ્વારા ભારે વેગ આપ્યો હતો. તે કણબી હોવા છતાં એ મહારાષ્ટ્રના મહાન સંત તરીકે પંકાયા છે. તુકારામે, જ્ઞાનદેવ, નામદેવ, કબીર તથા એકનાથની રચનાઓનો ઊંડો અભ્યાસ કર્યો અને અનેક અભાંગોની રચના કરી લોકો અને ભક્તો સમક્ષ ગાન કર્યું. તેમના ૪૫૦૦ અભંગો જાણીતા છે. તેમાં ઈશ્વર વિઠ્ઠોબા પ્રત્યેની ઊંડી શ્રદ્ધા અને ઉત્કૃષ્ટ માનવ પ્રેમ વ્યક્ત થાય છે. તેમણે જ્ઞાતિ, ભેદભાવ તથા ક્રિયાકાંડો વિરુદ્ધ ઘણા દોહા રચેલા છે. તુકારામ રીત-રિવાજો, તીર્થયાત્રાઓ, મૂર્તિપ્રજા, ઉપવાસો, વૈદિકયજ્ઞો વગેરેના વિરોધી હતા. તેમનો ઈશ્વર પ્રત્યેનો દ્રષ્ટિકોણ કબીર સાથે મળતો હતો. તેમનું માનવું હતું કે ઈશ્વર નહોતો કોઈ નામ છે ન કોઈ રૂપ અને ન કોઈ રહેવાનું સ્થાન તે દરેક જગ્યાએ વિદ્યમાન છે. તે સર્વ વ્યાપક છે. ઈશ્વર તેને જ મળે છે જેનો તેમાં વિશ્વાસ છે. તુકારામના ઉપદેશ ઘણા બધા અભંગોમાં મોજુદ છે. છત્રપતિ શિવાજીની તુકારામ પ્રત્યે ખૂબ જ શ્રદ્ધા હતી.

**(૧૦) ગુરુ સમર્થ રામદાસ સ્વામી ઇ.સ. ૧૬૦૮-૧૬૮૨**

મહારાષ્ટ્રના સંત શિરોમણી તથા છત્રપતિ શિવાજીના ગુરુ તથા મહારાષ્ટ્રના મહાન સંત તરીકે જાણીતા છે. બાળપણમાં જ તેમના માતા-પિતાનો અવસાન થઈ ગયું હતું. તેમણે બાર વર્ષની વયે ગૃહ ત્યાગ કરીને આકરી તપ સાધના કરી. ત્યારબાદ તેમણે ભારતના પવિત્ર સ્થાનોનો પ્રવાસ કર્યો તથા લોકોની ગરીબાઈ જોઈને ભારે દુઃખ અનુભવ્યું. તેમણે પોતાનું જીવન ધર્મ, કાર્યો તેમજ લોક સેવામાં વ્યતિત કરવાનો નિર્ણય લીધો. તેમણે લોકોને રામની ભક્તિ કરવાનો તથા શારીરિક તાલીમ લેવાનો અનુરોધ કર્યો હતો. તેમણે હિંદુ ધર્મ તથા હિન્દુ સંસ્કૃતિનો બહોળો ફેલાવો કર્યો. તેમણે શિવાજીને સ્વરાજ્ય સ્થાપવા માટે પ્રેરણા આપી હતી. રામદાસ સ્વામીએ હિન્દુ ધર્મના ફેલાવવા માટે મહારાષ્ટ્રમાં અનેક સ્થળોએ આશ્રમો સ્થાપ્યા. જે ધર્મ સંસ્કૃતિ, શિક્ષણ અને શારીરિક તાલીમના નોંધપાત્ર કેન્દ્રો બન્યા. તેમણે 'દાસબોધ' નામની ગ્રંથની રચના કરી હતી. જેમાં સર્વને માટે આધ્યાત્મિક તેમજ સુખી જીવનનું માર્ગદર્શન આપ્યું હતું. તેમણે લખેલ 'આનંદ ભુવન'માં સજ્જનોના રક્ષણ અને દુષ્ટોના દમન વાળા આદર્શ રાજ્યની કલ્પના કરી હતી. જ્યારે તેમની અન્ય કૃતિ 'જન સ્વભાવ'માં તેમણે આડંબરી સાધુઓની ભારે ટીકા કરી હતી. તેનું 'કરુણાશતક' યુવાનોમાં ઉત્કર્ષ માટે પ્રેરણારૂપ છે.

**(૧૧) વામન પંડિત ઇ.સ. ૧૬૦૮-૧૬૯૫**

વામનપંડિતે લખેલ 'યથાર્થ દીપિકા તથા 'સમશ્લોકી' ગીતામાં ભક્તિમાર્ગ કરતા જ્ઞાનમાર્ગ પર વિશેષ ભાર મૂકવામાં આવેલ છે.

**(૧૨) મુક્તેશ્વર ઈ.સ. ૧૬૦૯-૧૬૯૦**

એકનાથના પૌત્ર મુક્તેશ્વરે રામાયણ પર રચેલા ૧૭૨૫ શ્લોકો તથા મહાભારત પર લખેલા ૧૪,૬૮૭ શ્લોકો મરાઠી સાહિત્યની શ્રેષ્ઠ કૃતિઓ છે.

**(૧૩) સંત ગાડગે મહારાજ ઇ.સ. ૧૮૭૬-૧૯૫૬**

સંત ગાડગે મહારાષ્ટ્રનો જન્મ મહારાષ્ટ્રના અમરાવતી જિલ્લામાં થયો હતો. તેઓ પરિવારમાં કપડાં સાફ કરવાનું કાર્ય કરતા હતા અને બધા લોકો પાંડુરંગના ભક્ત હતા. તે સમયે નાની જાતિઓમાં દારૂ પીવા અને પશુબલી આપવાની પરંપરા હતી. તેમાંથી લોકોને દૂર કરવાનો તેમણે પ્રયાસ કર્યો હતો. તેઓએ દહેજ પ્રથાની વિરુદ્ધ પણ વાતાવરણ તૈયાર કર્યું હતું. તેઓ તીર્થયાત્રાઓમાં જતા હતા અને ભજન કરતા હતા. તેમણે અનાથાશ્રમ ધર્મશાળા શાળાઓ, ગરીબ છોકરીઓના વિવાહની વ્યવસ્થા દુષ્કાળ પીડિતો અને નિર્બળ વિકલાંગો માટે ભોજનની વ્યવસ્થા કરતા હતા. નાસિક, મુંબઈ, અમરાવતી વગેરે સ્થળોએ ધર્મશાળાઓ તથા ભજન કીર્તન કેન્દ્ર સ્થાપ્યા. આમ સામાન્ય ગરીબ ધોબી પરિવારમાં જન્મ લઈને તેમણે સમાજ સુધારવાનું કાર્ય કર્યું હતું.

**(૧૪) સંત તુકડોજી મહારાજ ઈ.સ. ૧૯૦૯-૧૯૬૮**

સંત ટુકડોજી મહારાજનો જન્મ અમરાવતી જિલ્લાના યાવલી નામના ગામમાં થયો હતો. જન્મના ૧૨ મા દિવસે સંત ગુલાબરાય મહારાજ બાળકને જોવા આવ્યા અને બાળકનું નામ માણક રાખ્યું. જે બાળક રાષ્ટ્રસંત ટુકડોજી મહારાજના નામે જાણીતા થયા. ૧૨ વર્ષની ઉંમરે તેઓ પિતાજીના સિલાઈ કામમાં મદદ કરતા હતા. અચાનક આધ્યાત્મિક સાધના માટે ઘર છોડી ચાલ્યા ગયા. યોગાસન, પ્રાણાયામ વગેરે શીખ્યા. મહાત્મા ગાંધી જ્યારે સેવાગ્રામ આશ્રમનું નિર્માણ કાર્યકર્તા હતા. ત્યારે ટુકડોજીને ત્યાં બોલાવ્યા હતા. ગાંધીજી અને ટુકડોજી મહારાજ લગભગ એક મહિના સુધી સાથે રહ્યા હતા. એક દિવસ આશ્રમમાં ટુકડોજીના કીર્તનનું આયોજન હતું. ગામના બધા લોકો આવ્યા હતા. ટુકડોજીને તાવ આવ્યો હતો તે દિવસે સોમવાર હોવાથી ગાંધીજી પણ મૌનવ્રત હતા. ભજન એટલા સુંદર હતા કે ગાંધીજીએ મૌનવ્રત તોડીને બોલવું પડ્યું. 'ઓર કહીએ મહારાજ.' ઈ.સ. ૧૯૪૯ માં ડો. રાજેન્દ્ર પ્રસાદ એ તેમને રાષ્ટ્ર સંતની ઉપાધિ આપી હતી. ઈ.સ ૧૯૫૮ માં તેમનું સંતજીવન પૂર્ણ થયું હતું.

**મરાઠી સ્ત્રી સંતો**

**(૧) મુક્તાબાઇ ઇ.સ. ૧૨૭૯-૧૨૯૬**

મુક્તાબાઈ સંત જ્ઞાનેશ્વરની નાની બેન હતા. માતા-પિતાના અવસાન સમયે સંત મુક્તાબાઇની ઉંમર માત્ર ત્રણ વર્ષની હતી. વિઠ્ઠલપત દ્વારા પ્રયાગમાં ગંગા નદીમાં જળ સમાધિ લેવાના કારણે નિવૃત્તિનાથ, જ્ઞાનેશ્વર, સોપાનદેવ અને મુક્તાબાઇ અનાથ થઈ ગયા હતા. જાતિ બહિષ્કૃત હોવાના કારણે સમાજે ઠીક પ્રકારે ભીક્ષા પણ આપી ન હતી. લોકો ભિક્ષામાં માટી મેળવીને દેતા હતા. આ બાબતથી કંટાળીને જ્ઞાનેશ્વરી જીવનનો અંત કરવાનો નક્કી કર્યું હતું ત્યારે મુક્તાબાઈએ તેના મોટાભાઈ સાથે સંવાદ કર્યો જે સંવાદ અભંગ 'તાટી અભંગ' કહેવાયા. સંત

મુક્તાબાઇ બાલયોગીનીના નામે પ્રસિદ્ધ થયા. ખૂબ જ નાની ઉંમરમાં તેમણે જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. મુક્તાબાઈએ તેના સરળ બોધગમ્ય અભંગો દ્વારા જ્ઞાન આધ્યાત્મ શ્રેષ્ઠ જીવન મુક્તિ વૈરાગ્ય તથા યોગની વાત કરી છે. વારકરી પરંપરાની શ્રેષ્ઠ યોગીની ઊંચનીચના ભેદભાવમાં માનતી ન હતી.

**(૨) જનાબાઈ વિ.સં. ૧૪ મી સદી**

સંત જનાબાઈ નો જન્મ મહારાષ્ટ્રમાં ગોદાવરીના કિનારે વસેલા ગામ 'ગંગાખેડ'માં થયો હતો. શુદ્ર પરિવારમાં જન્મેલ જનાબાઈ આગળ વધીને સંત નામદેવજીના પિતાજીની પાસે સેવા માટે ગયા હતા. સંત જનાબાઈ અવિવાહિત હતા અને તેમણે નામદેવના નાનાભાઈ અથવા બાળકની જેમ ઉછેર્યા હતા. સંત જનાબાઈ પાંડુરંગની ભક્તિમાં અભાંગોની રચના કરી. વર્તમાનમાં જનાબાઈના ૩૫૦ અભોગો પ્રાપ્ત છે. તેમના અભંગોમાં આત્મનિષ્ઠ ભક્તિયુક્ત અને ચરિત્ર નિરૂપણ કર્યું છે. સંત જનાબાઈ વૈરાગ્ય અને ભક્તિનું પ્રતીક છે. આ કારણે જ સંત જ્ઞાનેશ્વરની બહેન મુક્તાભાઈ તેમને તેમની મોટી બહેન માનતા હતા.

**(3) કાન્હોપાત્રા ઈ.સ. ૧૬ મી સદી**

કાન્હોપાત્રા મહારાષ્ટ્રની સંત પરંપરામાં તેનો વિશિષ્ટ સ્થાન ધરાવે છે. કાન્હોપાત્રાની માતા નૃત્ય કરતી હોવાથી તેમની સામાજિક પ્રતિષ્ઠા ન હતી. એકવાર ભક્તોની ટોળી ભજન ગાતા પંઢરપુર જઈ રહી હતી. કાન્હોપાત્રા પણ ભક્તો સાથે પંઢરપુર પહોંચી. પાંડુરંગના ચરણોમાં પ્રણામ કરી ભક્તિ ભાવથી કાન્હોપાત્રા પણ ત્યાં રહેવા લાગી ભક્તિના અભંગ બનાવવા અને ગાવા લાગી. કાન્હોપાત્રાની સુંદરતા અને ભક્તિની ચર્ચા બીડરના મુસ્લિમ નવાબ પાસે પહોંચી. નવાબે તેના હરમમાં રહેવા આમંત્રણ મોકલ્યું જેને કાન્હોપાત્રાએ ના પાડતા સૈનિકો બળજબરી પૂર્વક લેવા માટે મોકલ્યા. કાન્હોપાત્રા પાંડુરંગના શરણમાં જઈને ભક્તિના અભંગો ગાતી રહી કહેવાય છે તે ગાતા ગાતા પ્રભુમાં સમાઈ ગઈ.

**(૪) વેણાબાઈ વિ.સં. ૧૭ મી સદી**

મહિલા સંત વેણાબાઈનો જન્મ કોલ્હાપુરમાં થયો હતો. ૧૧ વર્ષની નાની ઉંમરે તેના લગ્ન થયો હતો અને તે જ વર્ષે તે વિધવા થઈ. ધાર્મિક કાર્ય પ્રત્યે તેની ભક્તિ વધતા તેને ધર્મગ્રંથોનું વાંચન કર્યું. સ્વામી રામદાસ તેણે ગુરુ સ્વીકાર્યા હતા. ગુરુ આજ્ઞાથી તેણે કીર્તન શરૂ કર્યું. વિ.સં ૧૬૫૫ માં સમર્થ ગુરુ સ્વામી રામદાસજીએ 'રામપંચાયતન'ની સ્થાપના કરી. મારીચી ઋષિની તપોભૂમિ મરીજના મઠાધિપતિની જવાબદારી વેણાબાઈને સોંપી તેમને પ્રથમ કાવ્ય સીતા સ્વયંવર લખ્યું. આ સંપ્રદાય વેણા સંપ્રદાય તરીકે જાણીતો છે.

**(૫) બહિણાબાઈ ઈ.સ. ૧૬૨૮ – ૧૭૦૦**

બહિણાબાઈ મહારાષ્ટ્રની સંત કવિયિત્રી છે. તે તુકારામને તેના ગુરુ માનતી હતી અને તુકારામની કવિતાઓ જેવી કવિતાઓ લખી છે. સંત બહિણાબાઈનો જન્મ દેવગાંવ કસબામાં થયો હતો. ચાર વર્ષની ઉંમરે તેના લગ્ન 30 વર્ષના ગંગાધર પાઠક સાથે થયા હતા. બહિણાબાઈ સંત તુકારામને ગુરુ માનતી હતી. જે શુદ્ર હોવાથી તેના ઘરના લોકો તેનાથી નારાજ હતા. લોકોએ પણ વિરોધ

કર્યો આમ છતાં પરિસ્થિતિનો સામનો કરીને તે તુકારામના નિવાસ સ્થાને ચાલી ગઈ. ગુરુના આશીર્વાદથી તેણે અભંગો લખવાનું શરૂ કર્યું. તુકારામનું અવસાન થતાં બહિણાબાઈએ ૧૮ દિવસ ઉપવાસ કર્યા હતા. બહિણાબાઈએ સમર્થ ગુરૂ રામદાસના આશ્રમમાં રહેવાનું શરૂ કર્યું. જ્યારે સમર્થ રામદાસનું અવસાન થયું ત્યારે તે શિઉર આવીને રહેવા લાગી. ઇ.સ ૧૭૦૦ માં બહિણાબાઈનું અવસાન થયું.

**મૂલ્યાંકન**

મહારાષ્ટ્રમાં થયેલ મહાન સંતોએ તત્કાલીન સમયમાં રહેલી સામાજિક ધાર્મિક સમસ્યાઓના નિરાકરણ માટે કાર્ય કર્યું. ૧૩ મી સદીથી ૨૦ મી સદી સુધી મહારાષ્ટ્રમાં થયેલા સંતોએ લોકોને સ્થાનિક ભાષામાં ઉપદેશો આપીને રાષ્ટ્રીય ભાવના જગાડવામાં અગત્યની ભૂમિકા ભજવી. સમાજમાં રહેલ જ્ઞાતિ-જાતિ, ઉંચ-નીચ, ધર્મ સંપ્રદાયના ભેદભાવો નાબુદ કરી મરાઠી પ્રજામાં એકતા અને સમાનતાના બીજ રોપ્યા હતા. મરાઠી સંતોમાં સ્ત્રી અને પુરુષ સંતોએ તેમના અભંગો દ્વારા લોક જાગૃતિની ભાવના જગાડી હતી. મહારાષ્ટ્રના સંતોએ હિંદુ ધર્મમાં રહેલા રોષને સ્વધર્મ રક્ષણ તથા સ્વાતંત્ર પ્રાપ્તિ તરફ વાળ્યા. જેની અસર બૌદ્ધિક, નૈતિક, સામાજિક અને રાજકીય તેમજ આધ્યાત્મિક થઈ હતી.

**સંદર્ભ ગ્રંથો**


- શાહ મનુભાઈ, ભારતનો ઇતિહાસ, મરાઠા યુગ, ઈ.સ. ૧૭૦૭-૧૮૧૮ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ચોથી આવૃત્તિ, ૨૦૧૬.
- ધારૈયા આર. કે. (સંપાદકો) ઐતિહાસિક નિબંધો સી. જમનાદાસની કંપની. અમદાવાદ, પાંચમી આવૃત્તિ, ૧૯૯૭-૧૯૯૮.
- ધારૈયા આર કે., (લેખકો) મધ્યકાલીન ભારતનો ઇતિહાસ, દિલ્હી સલ્તનત યુગ, સી જમનાદાસની કંપની. અમદાવાદ. ૧૦ મી આવૃત્તિ ૨૦૦૫-૨૦૦૬.
- મહાજન વી. ડી., મધ્યકાલીન ભારત, ઈ.સ. ૧૦૦૦ થી ૧૭૬૧, એસ. ચંદ્ર એન્ડ કંપની લી. રામનગર, નવી દિલ્હી, પુન: મુદ્રિત ૨૦૦૩.
- ગોપાલ કૃષ્ણ, ભારત કી સંત પરંપરાઓ સામાજિક સમરસતા, મધ્યપ્રદેશ, હિન્દી ગ્રંથ અકાદમી, ભોપાલ, ૧૧ મી આવૃત્તિ ૨૦૨૩.